રાજ્ય સેવા, પંચાયત સેવા કે રાજ્યના જાહેર સાહસોમાં નોકરી કરતાં દંપતીને શક્ય હોય તેવા કેસમાં એક જ સ્થળે / નજીકના સ્થળે રાખવા બાબત.

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
પરિપત્ર ક્રમાંક : ટીએફએસ-૧૨-૨૦૨૧-૨૦-૧૦-ઇ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૨૨/૧૦/૨૦૨૧

વંચાણે લીધો :-

(૧) સામાન્ય વહીવટ વિભાગના તા.૧૬-૧૦-૨૦૨૧ ના પરિપત્ર ક્રમાંક : ટીઆરએફ-૧૦૨૦૨૧-૪૩૬૭૪૭-ગ-૨

આમુખ :-

ઉપર વંચાણમાં લીધેલા સામાન્ય વહીવટ વિભાગના તા.૧૬-૧૦-૨૦૨૧ ના પરિપત્રથી રાજ્ય સેવા, પંચાયત સેવા કે રાજ્યના જાહેર સાહસોમાં નોકરી કરતાં દંપતીને શક્ય હોય ત્યાં સુધી એક જ/નજીકના સ્થળે રાખવા અંગેની સુચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. તેમજ આવી બદલી કરવામાં આવે તે સમયે જાહેર હિત, વિભાગની જરૂરીયાત અને કામગીરીને પ્રાધાન્ય આપવાનું રહે છે.

વધુમાં સામાન્ય વહીવટ વિભાગના તા.૧૬-૧૨-૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક : ટીઆરએફ/૧૦૨૦૧૬/૩૯૯૦૩૮/ગ-૨ થી નિયમિત ભરતી પ્રક્રિયાથી કરાર આધારે ફિક્સ પગારથી નિમણૂંક મેળવનાર મહિલા કર્મચારીએ ઓછામાં ઓછા એક વર્ષની સેવા બજાવી હોય અને પુરુષ કર્મચારીએ ઓછામાં ઓછા બે વર્ષની સેવા બજાવી હોય ત્યારે બદલી કરી શકાય તેવી જોગવાઈ છે. પરંતુ, જો પતિ-પત્નીને એક જ સ્થળે / નજીકના સ્થળે રાખી શકાય તેમ હોય તેવા કિસ્સામાં પુરુષ કર્મચારીએ એક વર્ષની સેવા બજાવી હોય તો પણ એક વર્ષ બાદ તેમની બદલી / જિલ્લા ફેર બદલી કરી શકશે.

આમ, સામાન્ય વહીવટ વિભાગની સુચનાઓ ધ્યાને રાખીને માર્ગ અને મકાન વિભાગ હસ્તકની કચેરીઓમાં ફરજ બજાવતાં અધિકારી/કર્મચારીઓની તેઓના પત્નિ કે પતિ સાથે એક જ સ્થળે કે નજીકના સ્થળે બદલી કરવા બાબતે વિભાગને તાજેતરમાં ઘણી રજૂઆતો / અરજીઓ મળેલ છે. પરંતુ આવી બદલી કરવામાં આવે તે સમયે જાહેર હિત, વિભાગની વહીવટી જરૂરિયાત અને કામગીરીને પ્રાધાન્ય આપવાનું રહે છે. વધુમાં વંચાણે લીધેલ પરિપત્રના ફકરા ક્રમાંક (૪) મુજબ વિભાગે આવી બદલીઓ અંગે વ્યવસ્થા કરવા પણ સામાન્ય વહીવટ વિભાગ દ્વારા સુચન કરવામાં આવેલ છે. આથી, સામાન્ય વહીવટ વિભાગની તા.૧૬-૧૦-૨૦૨૧ ના પરિપત્રથી આપવામાં આવેલી સુચનાઓના અનુસંધાને નીચે મુજબની સુચનાઓ પ્રસારિત કરવામાં આવે છે.

પરિપત્ર :-

ઉપર વંચાણે લીધેલ સામાન્ય વહીવટ વિભાગની પ્રવર્તમાન સુચનાઓ મુજબ જાહેર હિત, વહીવટી જરૂરિયાતો તથા કામના હિતને પ્રાધાન્ય આપીને શક્ય હોય ત્યાં સુધી પતિ-પત્નીને એક જ સ્થળે રાખવાના થાય છે. જેના અનુસંધાને બદલી કરવામાં આવે તે સમયે જે તે જગ્યા ઉપર ફરજ બજાવતાં અન્ય કર્મચારી

Scanned with CamScanner

/ અધિકારીની બદલી કરવાની જરૂરિયાત પણ ઉપસ્થિત થતી હોય છે. તથા જે જગ્યાએથી બદલી કરવાની થાય તે જગ્યા ભરવામાં આવે તે પણ વહીવટી હિત અને કામની જરૂરિયાત ધ્યાને રાખીને જરૂરી હોય છે.

આ સંજોગોમાં એકલ દોકલ કે છુટી છવાઈ અરજીના આધારે બદલી કરવામાં આવે તો સાચી પરિસ્થિતિનો ખ્યાલ આવી શકશે નહિ. તેમજ જેઓએ અરજી કરી ના હોય અથવા કરવા માંગતા હોય કે અત્રે અરજી મળેલ ન હોય તો તેવા કર્મચારી / અધિકારીની અરજી ધ્યાને લેવામાં ન આવે તેમજ પાછળથી પણ બદલી કરવાની જરૂરિયાત ઉપસ્થિત થઈ શકે છે.

આથી સંકલિત અરજીઓ મેળવવાથી બદલી અંગે યોગ્ય વિચારણા થઈ શકે તે બાબત ધ્યાને રાખી માર્ગ અને મકાન વિભાગ હસ્તકની કચેરીઓમાં ફરજ બજાવતાં કર્મચારી કે અધિકારી જો સામાન્ય વહીવટ વિભાગના તા.૧૬-૧૦-૨૦૨૧ ના પરિપત્રની સુચનાઓ મુજબ દંપતીના કેસમાં બદલીની અરજી કરવા માંગતા હોય તો માર્ગ અને મકાન વિભાગ કક્ષાએથી બદલીની વિચારણા કરવાની થાય છે તેવા સંવર્ગોનાં દંપતી કેસની અરજીઓ નિયત નમૂનામાં તા.૧૮-૧૧-૨૦૨૧ સુધીમાં ખાતાના વડા મારફતે સંકલિત કરી સચિવશ્રી (માર્ગ અને મકાન) વિભાગને મોકલી આપવાની રહેશે.

આવી સંકલિત અરજીઓની સમીક્ષા કરીને જાહેર હિત, વહીવટ જરૂરિયાતો તથા કામના હિતને પ્રાધાન્ય આપીને સક્ષમ કક્ષાએથી વિચારણા કરવામાં આવશે. જે સંવર્ગમાં ખાતાના વડા બદલી કરવાની સત્તા ધરાવતા હોય તેઓએ પણ આ બાબત ધ્યાને રાખીને બદલીની અરજીઓ અંગે વિચારણા કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એ. એન. ચૌધરી)
ઉપસચિવ (સેવા)
માર્ગ અને મકાન વિભાગ

નકલ રવાના :-

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજ ભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (માર્ગ અને મકાન) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (ક. ગ.), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (મા.મ.) ના અંગત સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે મુખ્ય ઇજનેર અને અધિક સચિવશ્રીઓ, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે નાયબ સચિવશ્રીઓ, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મા.મ. વિભાગ હસ્તકના સર્વે ખાતાના વડાઓ
- સર્વે અધીક્ષક ઇજનેરશ્રીઓ (પંચાયત વર્તુળ સહિત)
- સર્વે કાર્યપાલક ઇજનેરશ્રીઓ (પંચાયત સહિત)
- સેક્શન અધિકારીશ્રી, ઇ, ઇ-૨, ઇ-૪ અને ગ શાખા, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા સિલેક્ટ ફાઇલ

Scanned with CamScanner